બાળકો અને નવયુવાનો માટે

Bustan-e-Zehra Association
786-92-110

# હાદી
## માસિક


જમાદીયુલ અવ્વલ,
હીજરી સન ૧૪૩૦,
મે - ૨૦૦૯








રૂ. ૩૦/-

# દુઆ



જગતમાં કોઈ પણ વ્યક્તિ કોઈપણ ટેકા–આશરા વગર જીવી શકતો નથી. તેને કોઈને કોઈ ટેકો –આશરાની જરૂર હોય છે. આ વાતને અમારા નાના સાથીઓ સારી રીતે સમજી શકે છે. તમે પોતાના ઘરમાં પોતાના નાના–નાના ભાઈ બહેનોને જોતા  રહો. તેમને જ્યારે પણ કોઈ વસ્તુની જરૂર પડશે તો તરત જ પોતાની મમ્મીને બોલાવશે અને મમ્મી પણ બધુ પડતું મૂકીને તે નાના બાળકની પાસે પહોંચી જાય છે. તેને દૂધ પીવડાવે છે, મોઢું ધોવડાવે છે, વસ્ત્રો બદલાવે વગેરે – વગેરે.

એવી જ રીતે બાળકોને જ્યારે બીક લાગે છે ત્યારે પણ તેઓ મોટેરાઓને બોલાવે છે. ક્યારેક એવું પણ બને છે કે બાળકોને પોતાની જરૂરતોનો કે પોતાની તકલીફોનો ખ્યાલ નથી હોતો. દા.ત. આપણે સૂતા હોઈએ ત્યારે ગરમી લાગતી હોય – પરસેવો વળતો હોય – મચ્છર કરડતાં હોય – તે વખતે પ્રેમાળ માતા બાળકની જરૂરિયાતો અને તકલીફોનું ધ્યાન રાખે છે અને તેને આરામ પહોંચાડવા પ્રયત્ન કરે છે.

પરંતુ વિચારો કે શું મમ્મી દરેક સમયે આપણી સાથે હોય છે ? દરેક સમયે આપણને જોતી રહે છે ? મોટા બાળકો વિચારશે કે મમ્મી નહીં તો મિત્રો તો છે ને. પરંતુ શું મિત્રો અને સાથીઓ પણ દરેક વખતે આપણી સાથે હોય છે – ના.

તો પછી શા માટે એવો સહારો શોધી ના લેવો જે ક્યારેય સાથ ન છોડે ! જે ઉંઘતો પણ નથી અને જે સર્વશક્તિશાળી છે.

એવો સહારો ફક્ત ''અલ્લાહ'' છે.



ખુદા ઉપર ભરોસો રાખવા–સંકટના સમયે તેને પોકારવા – મુસીબતમાં તેને બોલાવવાનું નામ ''દુઆ'' છે.

આપણે ખુદાને ન પોકારીએ – તેનાથી મદદની યાચના ન કરીએ, દુઆ ન કરીએ, તો પણ તે પોતાની દયાથી માંગ્યા વગર પણ ઘણું આપે છે. પરંતુ આપણે તેને પોકારવો જોઈએ. તેનાથી સંપર્ક રાખવો જોઈએ.

ખુદા સૌથી મહાન છે. તો પછી આપણે તેને ક્યા શબ્દોમાં પોકારવો જોઈએ! તેને આપણી જરૂરિયાતો કેવી રીતે જણાવીએ! આ પધ્ધતિ આપણને અઈમ્મએ માઅસૂમીન (અ.સ.) ની દુઆઓમાંથી જ મળે છે.



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم


જમાદીયુલ અવ્વલ, હીજરી સન ૧૪૩૦,
મે - ૨૦૦૯


## ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક પ્રખર વિદ્વાન કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદઝિલ્લહૂની નિગરાનીમાં


મુખ્ય તંત્રી : **સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી : **સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો : **અહમદ રઝા ઝુરારહ**
**તાલીમરઝા અજમેરી**

અનુવાદક : **સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન : **એ.પી. ગ્રાફીક્સ**


### બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

જમાદીયુલ અવ્વલ માસનું હાદી માસિક તમારા હાથમાં છે. તમારી બધાંની અનહદ સહ્રદયતા અને પ્રેમને કારણે જ આ હાદી પોતાની સંપૂર્ણ શાન સાથે નવી પેઢીમાં માનસિક રીતે ધાર્મિક સંસ્કારના સિંચનમાં સફળ થઈ રહ્યું છે. ખુદાથી અમારી દુઆ છે કે અમને સેવાની શક્તિ અર્પે અને તમારા બધાંના નિ:સ્વાર્થ પ્રેમને પણ કબૂલ ફરમાવે આમીન...

આ મહીનામાં ઈમામત અને વિલાયતના આકાશના ચોથા તેજસ્વી તારા એ આવીને આ ધરતીને પ્રકાશમય કરી દીધી છે. એટલે કે ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)ની મુબારક વિલાદત આ માસની ૧૫મી તારીખે થયેલ છે. અમે તમોને સૌને આ મુબારક વિલાદતની મુબારકબાદી પેશ કરીએ છીએ.

આપની 'મુજાહિદાના' દુઆઓનો મજમૂઓ "સહીફએ સજ્જાદિયા" એ અમુલ્ય ખજાનો છે જેને "ઝુબૂરે-આલે મુહમ્મદ" કહેવામાં આવે છે. આ મજમૂઆની દુઆઓ દીન અને દુન્યા બંનેની સફળતાની ચાવી છે. આપણે આ દુઆઓનો પૂરતા પ્રમાણમાં લાભ લેવો જોઈએ.

તમારી પરીક્ષા કેવી રહી ? કયા વર્ગમાં સફળતા મેળવી તે અંગે અમને જરૂરથી જાણ કરજો. અમને પણ આનંદ થશે.

હવે વેકેશન છે. વેકેશનને ફક્ત ખેલકૂદ કે નિરર્થક કામોમાં બરબાદ ના કરતાં. વેકેશનમાં પણ રચનાત્મક અભિગમ અપનાવી વેકેશનનો ફાયદો મેળવી શકાય છે. કાંઈ નવું નવું જાણી – શીખી શકાય છે. તમે એવું કરશો તો વેકેશનનો સદ્ઉપયોગ કર્યો ગણાશે. આમ વેકેશનનો લાભ લો અને પોતાની દુઆઓમાં અમને પણ જરૂર યાદ રાખજો.

વસ્સલામ...

#### આભાર દર્શન


તમામ મોઅમેનીને-કિરામકે જેઓએ 'હાદી' સામયિકની પ્રગતિમાં પોતાનું સવિશેષ યોગદાન આપ્યું અને હજી પણ આપી રહ્યાં છે તે સૌના અમે હ્રદય પૂર્વક ના ઋણી છીએ અને ધનિક વર્ગના લોકોને અમારી નમ્ર વિનંતી છે કે જે લોકો નાણાંકીય રીતે નબળાં છે. તેમના બાળકો માટે 'હાદી' મસિકનું સભ્યપદ પોતાની પાસેથી આપીને સવાબ મેળવે અને પોતાના મરહૂમીન માટે પણ સવાબનો માર્ગ ખૂલ્લો કરે.



**વિગતો માટે સંપર્ક** : યુરોપ, અમેરીકા અને કેનેડા માટે : **અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

*Bustan -E- Zehra Association*

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF Tel. : 0044 - 2082866198

Mo.: 00447828958746 E-mail : movasaya@hotmail.com



**વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦/-**



ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

E-mail : hadimasik@yahoo.com

# અલ્લાહના નેક નામો

# અર્રહમાન




આ ગુણ-વિશેષણ અલ્લાહના ગુણો-વિશેષણો-પૈકી એક છે. 'રહમાન' એ છે કે જે શંકા-મુશ્કેલી-મુસીબત-વિટંબણાના સમયે પોતાની કૃપા (રહમત) પહોંચાડે અને 'રહમાન' સર્વસામાન્ય-સર્વવ્યાપી ગુણ-વિશેષણ છે એ રીતે કે કોઈ મુસલમાન હોય કે કાફર હોય-કોઈ તેની બંદગી કરતો હોય કે ન કરતો હોય તે પવિત્રતમ ઝાત મુનુષ્યની તમામ જરૂરીયાતોને પૂરી કરે છે, તેને જીવન બક્ષે છે. આજીવિકા રોજી-રોટી આપે છે અને પ્રશ્ચાતાપ (તૌબા) અને ક્ષમા યાચના (ઈસ્તિગફાર)ની તક આપે છે વગેરે.

આ વિશેષણનો ઉલ્લેખ કુરઆનની આયતો અને માઅસૂમીન (અ.સ.)ની હદીસોમાં પુષ્કળ પ્રમાણમાં થએલ છે. કુરઆન મજીદના તો પ્રથમ સૂરાની પ્રારંભિક આયતોમાં જ આ ગુણ વિશેષણનું વર્ણન આવે છે.

(૧) ''અલ્હમ્દો-લિલ્લાહે-રબ્બિલ આલમીન-અર્રહમા-નિર્રહીમ(સૂરા-હમ્દ-આયત- ૨-૩)''

(૨) ''અર્રહમાન - અલ્લમલ કુરઆન'' (સૂરા-રહમાન - આયત ૧-૨)

અને માઅસૂમીનની હદીસોમાં પણ આ વિશેષણના ઉલ્લેખ મળે છે. દા.ત. ''લા યગફેરોહા - ગૈરોકા-યા રહમાનો-યા અલ્લામો'' (માહે રમઝાનની દુઆમાંથી)

અનુવાદ : તારા સિવાય એમને (અમોને) કોઈ માફ કરી શકે તેમ નથી - હે પુષ્કળ દયાળુ (રહમવાલા)-હે ! પુષ્કળ જ્ઞાન ધરાવનાર

**આ નામ (સિફત-ગુણ-વિશેષણ)ના ઘણાં ફાયદા છે, તેમાં કેટલાક નીચે વર્ણવ્યાં છે :**

(૧) ઈમામ અલી રિઝા (અ.સ.)એ ફરમાવ્યું છે કે જો કોઈ વ્યક્તિ નમાઝ પછી ૨૯૮ વખત 'યા રહમાન' પઢશે તો અલ્લાહ તઆલા પોતાની તમામ સૃષ્ટિને તેની મિત્ર બનાવી દેશે (દરેક વ્યક્તિ તેને ચાહવા લાગશે) અને તેના શત્રુઓ પણ તેના ઉપર મહેરબાન થઈ જશે.

(૨) જો કોઈ વ્યક્તિ દરરોજ નમાઝ પછી ૧૦૦ વખત 'યા રહમાન' પઢશે તો અલ્લાહ તઆલા તેના હૃદયમાંથી અંધકાર દૂર કરી દેશે અને તેના મનમાંથી બેદરકારી (એટલે કે અલ્લાહની બંદગી પ્રત્યેની બેદરકારી) મિટાવી દેશે.

(૩) 'યા રહમાન' - 'યા રહીમ' એવા શબ્દ પ્રયોગ (ઉદ્‌બોધન-દુઆની શરૂઆત કે અંતમાં આ શબ્દોનો પ્રયોગ)થી માંગવામા આવેલી દુઆથી મુશ્કેલીમાં મુકાએલા લોકોને ફાયદો થાય છે અને ભયગ્રસ્ત લોકોને શાંતિ પ્રાપ્ત થાય છે.

(૪) જો કોઈ વ્યક્તિના મનમાં કોઈપણ પ્રકારની બીક પેસી ગઈ હોય તો તેના માટે આ અમલ લાભદાયક છે કે તે સતત ૯ દિવસ સુધી દરરોજ ૫૫૪ વખત 'યા રહમાન - યા રહીમ' પઢે તો ઈન્શાઅલ્લાહ તે ટૂંક સમયમાં બીક અને સંકટમાંથી મુક્ત થઈ જશે અને તેને મનની શાંતિ પ્રાપ્ત થશે.





E-mail : hadimasik@yahoo.com

# હદીસોનો ગુલદસ્તો

## દિલ (મન)ની બરબાદી

આપણાં સાતમા ઈમામ હઝરત મૂસા કાઝિમ(અ.સ.) એ ફરમાવ્યું છે કે :- આપણાં વ્હાલા નબી (સ.અ.વ.)નું કથન (કૌલ) છે કે ચાર વસ્તુઓ દિલને બરબાદ કરી દે છે અને પાણી મળવાથી છોડવાનો જે રીતે ફેલાવો થાય તે રીતે દ્વેષને પગ પેસારો કરવાની તક મળે છે.

પ્રથમ વસ્તુ : ગાયન અને સંગીતના અવાજ સાંભળવા

બીજી વસ્તુ : નક્કામી અને અસંસ્કારી વાતો સાંભળવી

ત્રીજી વસ્તુ : જુલ્મી શાસકના દરબારમાં જવું આવવું.

ચોથી વસ્તુ : હરામ અને ફાલતુ શિકાર કરવો

(ખિસાલે - સદૂક ભાગ-૧, પાના નં.૨૫૨)

❁ ❁ ❁

## દિલ (મન)ની બીમારી

આપણાં વ્હાલા મૌલા અલી (અ.સ.) એ ફરમાવ્યું છે કે :-

તમે નક્કામા ઝઘડા (જિદાલ) અને પરસ્પરના રાગ-દ્વેષથી દૂર રહેજો - કેમ કે આ બંને બાબતો દિલ (મન)ને બીમાર કરી દે છે અને મનુષ્યના મનમાં દ્વેષ ભરી દે છે.

---

*વહાલા મિત્રો ! આપણે આપણાં મનના આ રોગોનો ઉપચાર કરવો જોઈએ અને મનમાં મિત્રતા-પ્રેમ-લાગણી ના વિચારોને સ્થાન આપવું જોઈએ અને ખૂબ જ વધારે કુરઆન પઢતાં રહેવું જોઈએ કેમ કે કુરઆનમાં ખુદાનો ઝિક્ર છે અને ખુદાના ઝિક્રથી મનને શાંતિ મળે છે.*



# કુરઆનનો ખૂણો

## ફરિશ્તાઓ

કુરઆન મજીદની આયતોના અભ્યાસ અને તેના ઉપર ચિંતન કરવાથી જાહેર થાય છે કે ફરિશ્તાઓ પણ અલ્લાહની એક સર્જન (મખલૂક) છે. તેઓ અલ્લાહના સૈનિકો અને તેના સેવકો છે. તેવો જીવન વ્યતિત કરે છે અને મૃત્યુ પામે છે. તેઓ ઈચ્છા શક્તિ અને બુધ્ધિ પણ ધરાવે છે. તેઓ અલ્લાહની આજ્ઞા બજાવી લાવવા માટે મનુષ્યનું રૂપ પણ ધારણ કરે છે. ફરિશ્તાઓ પણ તેમના સ્થાન-હોદ્દા-ફઝીલત અને શરાફતના માપદંડો પ્રમાણે જુદી જુદી શ્રેણીઓ-દરજ્જાઓના હોય છે. ફરિશ્તાઓ અંગેની કુરઆન મજીદની કેટલીક આયતોનો સાર નીચે આપવામાં આવેલ છે :

વહાલા બાળકો !

આ આયતો કુરઆન શરીફમાં પણ શોધીને જરૂર પઢજો !!

**(૧) કેટલાંક ફરિશ્તાઓ એવા છે જે ખુદાનો સંદેશો પહોંચાડવાનું કામ કરે છે. (સૂરા. ફાતિહ આયત-૧)**

**(૨) કેટલાક ફરિશ્તાઓ દયા કરનાર (રહેમાન) ખુદાના સેવકો (બંદા) છે. (સૂરા-ઝુખરૂહ-આયત-૧૯)**

**(૩) કેટલાંક ફરિશ્તાઓ ધરતી પર વસવાવાળાઓ માટે તેમના ગુનાઓ માફ થવા માટેની દુઆ (ઈસ્તિગફાર) કરે છે. (સૂરા-શૂરા-આયત-૫)**



E-mail : hadimasik@yahoo.com

(૪) ક્યારેક તેઓ (ફરિશ્તાઓ) મનુષ્યનું રૂપ ધારણ કરીને પણ આવે છે. (સૂરા-મરયમ-આયત-૧૭)

(૫) તેઓ નબીઓને આવીને સલામ પણ કરે છે. (સૂરા હૂદ-આયત-૮૧)

(૬) આ લોકો (ફરિશ્તાઓ) અલ્લાહના નબીઓના પક્ષે (ખાસ કરીને આપણાં નબીયે અકરમ સ.અ.વ.ના પક્ષે) રહીને યુધ્ધમાં સૈનિકો બનીને સહાય પણ કરે છે. (સૂરા-અન્ફાલ-આયત-૧૨)

(૭) કેટલાંક ફરિશ્તાઓ અલ્લાહની થાપણોને સાચવનારા (અમાનતદાર) પણ હોય છે. (સૂરા-તકવીહ-આયત-૧૯)

(૮) ફરિશ્તાઓ સાથે દુશ્મનાવટ પણ અલ્લાહ સાથે દુશ્મનાવટ છે. (સૂરા બકરહ-આયત-૯૭)

(૯) કુરઆન મજીદને "રૂહુલ-અમીન" ફરિશ્તો (જિબ્રઈલ) જ લઈને આવ્યાં હતાં. (સૂરો-શોઅરા-આયત-૧૯૨)

(૧૦) ફરિશ્તાઓ ભાગ્ય (તકદીર) પણ લઈને આવે છે. (સૂરા-કદર-આયત ૪)

(૧૧) કેટલાંક ફરિશ્તાઓ મનુષ્યોના સંરક્ષક અને દેખભાળ રાખવા હોય છે. (સૂરા-કાફ-આયત-૧૬ થી ૧૮)

(૧૨) એક ફરિશ્તો "મલ્કુલ-મૌત" છે. જે (મરતી વખતે માણસની) રૂહ કબ્ઝ કરે છે. (સૂરો સજદહ-આયત-૧૧)

(૧૩) કેટલાંક (ફરિશ્તાઓ) "મલ્કુલ-મૌત" (નામના ફરિશ્તાના) સહાયકો છે. (સૂરા-અન્આમ-આયત-૬૧)

(૧૪) અલ્લાહ-કયામતનો દિવસ-આકાશી પુસ્તકો (આસમાની કિતાબો) અને નબીયોની જેમ ફરિશ્તાઓ ઉપર પણ ઈમાન રાખવો (એટલે કે ફરિશ્તાઓનું અસ્તિત્વ છે તેની માન્યતા રાખવી) વાજિબ છે. (સૂરા-બકરહ-આયત-૯૮)



E-mail : hadimasik@yahoo.com

# હુદહુદની વાર્તા

(ગતાંકથી ચાલુ)

રાણીની સવારીની આગળ-પાછળ સૈનિકો, પ્રધાનો, હોદ્દેદારો અને ચોકીદારોનું એક લશ્કર હતું. તે રાતદિવસ મુસાફરી કરતાં રહ્યાં. તેમને બધાંને જનાબ સુલેમાન(અ.સ.)નો મહેલ જોવાની આતુરતા હતી. જ્યારે તેઓ જનાબ સુલેમાન (અ.સ.) ના પ્રદેશમાં પ્રવેશ્યાં તો તેમને જાણે દુન્યા જ બદલાઈ ગએલી લાગી. બધાં લોકો ઘણાં એશ-આરામથી રહેતાં હતાં અને કોઈ પણ વ્યક્તિ બીજા કોઈ ઉપર અત્યાચાર કરતી નહોતી. કોઈને કોઈપણ પ્રકારની ચિંતા નહોતી. તેઓ વિચારવા લાગ્યાં. "અરે ! આ તો આપણાં દેશ કરતાં પણ સારો પ્રદેશ જણાય છે. અહિયાંના લોકો પણ કેટલાં સારા છે. અને આ ઉંચા ઉંચા પર્વતો-તેમના ઉપર સફરજન-મોસંબી-બદામ-ઓલીવ (ઝૈતૂન)ના લીલાછમ બગીચાઓ, આ તો ખરેખર સ્વર્ગ છે."

બાળકો ! જનાબ સુલેમાન (અ.સ.)ને પોતાના પ્રદેશના ખૂણે ખૂણાં ની જાણકારી રહેતી હતી. તેઓ પક્ષીઓ સાથે પણ વાતો કરતાં હતાં. તમે આશ્ચર્યચકિત ન થઈ જતાં કેમકે હું તમને એક એવી જ વાત જણાવવા જઈ રહ્યો છું કે જનાબ સુલેમાન (અ.સ.) તો નાનકડી કીડીની વાત પણ સાંભળી શકતાં હતાં અને કીડીઓ સાથે પણ તેઓ વાતો કરતાં હતાં. તે અંગે પણ એક મજેદાર પ્રસંગ છે. પરંતુ તે પ્રસંગ હું તમને ફરી ક્યારેક સંભળાવીશ, અત્યારે તો ફક્ત રાણીનો પ્રસંગ જ સાંભળી લો.

તે પ્રસંગે અલ્લાહ ત.વ.ત. એ જનાબ સુલેમાન (અ.સ.)ને જાણ કરી કે 'સબા દેશની મહારાણી બિલ્કિસ આવી રહી છે.'

બાળકો ! તમને યાદ હશે કે મેં જનાબ સુલેમાન (અ.સ.)ને સબા દેશ વિશે પૂરેપૂરી માહિતી આપી દીધી હતી. અને મેં એમને ત્યાંની મહારાણીનું સિંહાસન કેટલું મોટું, સુંદર અને કીંમતી છે એ પણ જણાવી દીધું હતું.





E-mail : hadimasik@yahoo.com

એટલે જ્યારે જનાબ સુલેમાન (અ.સ.) ને જાણ થઈ કે મહારાણી પોતે આવે છે તો તેમણે પોતાના મહેલો, દરબાર અને નગરો શણગારવાનો હુકમ આપી દીધો અને ચારેકોર મહારાણીના સ્વાગતની તૈયારીઓ થવા લાગી.

જનાબ સુલેમાન (અ.સ.) સબાની મહારાણીને એ બતાવવા માંગતા હતાં કે જુઓ અમારૂં સામ્રાજ્ય કેટલું વિશાળ છે. અમને અલ્લાહ ત.વ.ત. એ કેવી ઈજ્જત અને સમૃધ્ધિ આપી છે. અમારી પાસે તો ચમત્કાર (મોઅજિઝા)ની શક્તિ પણ છે. તેથી જનાબ સુલેમાન (અ.સ.) એવું વિચારવા લાગ્યાં કે મારે કેવી રીતે સબાની મહારાણીને ખુદાની શક્તિ અને ચમત્કારનો પરચો બતાવવો ?

જનાબ સુલેમાન (અ.સ.)ના મગજમાં એક વાત ઝબકી ગઈ.

જનાબ સુલેમાન (અ.સ.)એ વિચાર્યુ કે હુદહુદએ મને જણાવેલું કે સબાની મહારાણીનું સિંહાસન અત્યંત શાનદાર અને વિશાળ છે. તેથી મારે મહારાણી અહિંયા આવે તે પહેલાં તેનું સિંહાસન જ અહિયાં મંગાવી લઈને તેને અલ્લાહ તરફથી મને મળેલ ચમત્કાર (મોઅજિઝા)ની શક્તિનો પરચો આપવો જોઈએ.

જનાબ સુલેમાન (અ.સ.) નો દરબાર સજ્જ હતો. મનુષ્યો-જિન્નાત-પશુ-પક્ષીઓ બધાં સેવામાં હાજર હતાં. મહારાણીના સ્વાગતની તૈયારીઓ ચાલી રહી હતી. આપે પોતાના ઉચ્ચ પ્રધાનો અને દરબારીઓને એક અત્યંત મુશ્કેલ કામ કરવા આજ્ઞા આપી.

મુશ્કેલ કામ?

હા-બાળકો ખરેખર તે કામ ખૂબ મુશ્કેલ જ નહીં પરંતુ લગભગ અશક્ય હતું.

જનાબ સુલેમાન (અ.સ.)એ ફરમાવ્યું "મહારાણી અને તેના સાથીઓ અહિયાં આવી પહોંચે તે પહેલાં મહારાણીનું સિંહાસન અહિયાં કોણ લાવી શકે છે ?"

બધા આ સાંભળીને આશ્ચર્ય ચકિત થઈ ગયાં. આટલું ભારે-વિશાળ સિંહાસન મહારાણી અને તેના સાથીદારો આવી પહોંચે તે પહેલાં લાવી જ કેવી રીતે શકાય ? મહારાણી તો

હવે અહિંયા પહોંચવામાં જ છે.

બાળકો ! હું તમને એ પણ જણાવી દઉં કે મહારાણીનું આ સિંહાસન ખૂબ જ મૂલ્યવાન હતું. તેથી તેના રક્ષણ માટે પણ સખ્ત વ્યવસ્થા હતી. આ સિંહાસન તેના એક ખાસ મહેલમાં જમીન સાથે ચોંટેલું હતું. આ મહેલના બારણાં પણ ઘણાં વિશાળ અને મજબૂત હતાં, અને દરેક જગ્યાએ પહેરાની પણ સખ્ત વ્યવસ્થા હતી. સૈનિક ઉભા પગે દિવસ-રાત પહેરો ભરતાં. કોઈને ખાસ પરવાનગી વગર સિંહાસન પાસે તો શું મહેલ સુધ્ધામાં જવા દેવામાં આવતાં ન હતાં.

હવે તમે વિચારો, આટલો સખ્ત પહેરો, આટલા મજબૂત દરવાજા અને આટલા અસંખ્ય પહેરેદારોની વચ્ચેથી આટલું વિશાળ સિંહાસન લઈ જવું શક્ય ગણી શકાય ! અને પછી તે પણ યમન દેશથી જેરૂસલમ સુધી હજારો કીલોમીટર દૂર લઈ આવવું તો અત્યંત દુષ્કર હતું. બધાં જ દરબારીઓ વિચારવા લાગ્યાં "આ થઈ જ કેવી રીતે શકે !"

પરંતુ ત્યારે જ એક શક્તિશાળી જિન ઉભો થયો અને કહ્યું "મારામાં તે સિંહાસનને અહિયાં લઈ આવવાની શક્તિ છે અને હું ઈમાનદાર પણ છું. આપ આ દરબાર બરખાસ્ત કરીને ઉભા થાવ તે પહેલાં જ હું તે સિંહાસનને અહિંયા લાવીને હાજર કરી દઈશ. બસ, આપની આજ્ઞાની વાર છે."

આ વાત સાંભળીને બધાં ફરી આશ્ચર્યચકિત રહી ગયાં. "જુઓને ! આ તો આટલું વિશાળ સિંહાસન આટલી જલ્દી લઈ આવવાની વાત કરે છે !!"

પરંતુ બાળકો ! જનાબ સુલેમાન (અ.સ.)ને તો આટલો વિલંબ પણ સ્વીકાર્ય નહોતો. તેઓ તો આ કામ કેટલાંક કલાકોમાં નહીં પણ અમૂક મિનિટોમાં જ કરાવવા માંગતા હતાં.

તેમને એ વાતની સારી પેઠે જાણ હતી કે તેમના દરબારમાં આ જિન કરતાં પણ વધારે શક્તિશાળી વ્યક્તિઓ મોજુદ છે. આપ બધાંને તેમની શક્તિનો પરચો પણ બતાવવા માંગતાં હતાં. જેથી કરીને તેમની ચમત્કારી શક્તિઓ પોતાની સગી આંખે બધાં જોઈ લે. અને જિન્નાતોને પણ ખબર પડી જાય કે મનુષ્યોમાં તેમનાથી પણ વધારે શક્તિશાળી વ્યક્તિઓ મોજુદ છે. અને જિનો પોતાની શક્તિ ઉપર ઘમંડ ન કરે. તેથી જનાબ સુલેમાન (અ.સ.) એ તે જિનને પરવાનગી આપી નહીં.

બધાં એવું વિચારવા લાગ્યા કે : "અરે ! આ તો આટલી જલ્દી લાવવાનું કહેતો હતો તેમ છતાં જનાબ સુલેમાન (અ.સ.)એ તેને ના પાડી દીધી ! હવે આનાથી પહેલાં તો કોણ લાવી શકશે !!!"



(વધુ આવતાં અંકે)



E-mail : hadimasik@yahoo.com

# મગજ કસૌ

દર્શાવેલ ચોરસમાંના ટપકાને જોડીને પાંચ ચોરસ અને લંબચોરસ બનાવેલ છે.



દર્શાવેલ ચોરસમાંના ટપકાની મદદથી
તમે ઉપર જણાવ્યા મુજબ કેટલા
ચોરસ અને લંબચોરસ બનાવી શકો છો !



## ઈમામે ઝૈનુલ આબેદીન (અ.સ.)ના છ અલ્કાબ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઝૈ | ક | ન | ઝૈ | હ | લ | ક | નુ | આ | હ | સ | બી |
| ય | નુ | સ | બ | નુ | ય | રે | લ | બિ | જા | ન | મા |
| મ | ર | લ | મ | સા | ર | આ | ય | દ | લ | હ | રે |
| લ | ન | હ | આ | ઝ | લા | સા | ઝૈ | જા | ઝ | ર | ક |
| સ | બ | ય | દ | બે | સ | હ | લે | આ | મ | લ | ર |
| જ | હ | લ | જા | ય | દી | ક | મ | હી | નુ | સ | બ |
| જા | મ | સ | ઝ | બિ | ક | ન | લા | આ | ન | ય | લા |
| દ | સ | ન | કી | હ | નુ | હ | જા | બ | હ | ર | સા |

# દીન ની જાણકારી

## આપણા માઅસૂમીન (અ.સ.)ના સંતાનો.

*વહાલા બાળકો ! આવો આજે અમે તમને આપણાં ચૌદ માઅસૂમીન (અ.સ.)ના સંતાનો (દીકરા-દીકરીઓ) વિશે જાણકારી આપીએ. તો ધ્યાનથી વાંચો :*

(૧) **આપણાં નબી (સ.અ.વ.)**ના ત્રણ દીકરા હતાં - તે પૈકી એકનું નામ તૈયબ-વ-તાહિર હતું બીજાનું નામ અબ્દુલ્લાહ હતું અને ત્રીજાનું નામ ઈબ્રાહીમ હતું. આપના ત્રણે દીકરાઓ બાળપણમાં જ ગુજરી ગયાં હતાં. આપને ફક્ત એક માત્ર દીકરી હતી. તેમનું નામ 'ફાતેમા ઝહરા (સલા.)' હતું.

(૨) **હઝરત અલી (અ.સ.) :** આપના સંતાનોની કુલ સંખ્યા ૨૭ છે. તેમાં દીકરાઓમાં પ્રખ્યાત નામો ઈમામ હસન (અ.સ.), ઈમામ હુસૈન (અ.સ.)-મુહમ્મદ હનફીયાહ-જનાબ અબ્બાસ (અ.સ.) અલમદારે કરબલા-વિગેરેના અને દીકરીઓમાં પ્રખ્યાત નામો જનાબ ઝયનબ (સલા.) -જનાબ ઉમ્મે કુલસૂમ-જનાબ રમલા-જનાબ નફીસા વિગેરેના છે.

(૩) **હઝરત ફાતેમા ઝહરા (સલા.) :** આપના સંતાનોની સંખ્યા પાંચ છે. ઈમામ હસન (અ.સ.) -ઈમામ હુસૈન (અ.સ.) જનાબ ઝયનબ (સલા.) જનાબ ઉમ્મે કુલસૂમ અને એક દીકરાનું નામ મોહસિન હતું. જેમને ગર્ભાવસ્થામાં જ શત્રુઓ દ્વારા શહીદ કરી દેવામાં આવ્યાં હતાં.

(૪) **ઈમામ હસન (અ.સ.) :** આપના સંતાનોની સંખ્યા ૧૫ હતી. પુત્રોમાં જનાબ ઝૈદ-હસન મુસન્ના-કાસિમ(અ.સ.)-અબ્દુલ્લાહ-અબ્દુર્રેહમાન-હુસૈન અસરમ-તલઆ વિગેરે અને પુત્રીઓમાં ઉમ્મે સલમા-રૂકીયાહ-ઉમ્મે અબ્દુલ્લાહ-ફાતેમા

(૫) **ઈમામ હુસૈન (અ.સ.) :** આપના પાંચ સંતાનો હતાં પુત્રોમાં ઈમામ સજ્જાદ (અ.સ.)-અલી અકબર (અ.સ.)-જાઅફર-અબ્દુલ્લાહ (અલી અસગર-અ.સ.) અને બે દીકરીઓ સકીના અને રૂકય્યા હતાં.

(૬) **ઈમામ સજ્જાદ (અ.સ.) :** આપના પંદર સંતાનો હતાં. તેમના પુત્રોમાં પ્રખ્યાત નામો -ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.) જનાબ અબ્દુલ્લાહ-જનાબ ઝૈદ-મુહમ્મદ


E-mail : hadimasik@yahoo.com

અસગર વિગેરે અને પુત્રીઓમાં પ્રખ્યાત નામ ફાતેમા - ઈલ્લિયા-ઉમ્મે કુલસૂમ વિગેરે છે.

(૭) **ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.) :** આપના સંતાનોની સંખ્યા સાત છે. જેમાં દીકરાઓના નામ ઈમામ સાદિક (અ.સ.) અબ્દુલ્લાહ-ઈબ્રાહીમ-ઉબૈદુલ્લાહ-અલી અને દીકરીઓના નામ ઝયનબ અને ઉમ્મે સલમા હતાં.

(૮) **ઈમામ સાદિક (અ.સ.) :** આપના દસ સંતાનો હતાં. જેમાં ઈમામ મૂસા કાઝિમ(અ.સ.)-ઈસ્માઈલ-અબ્દુલ્લાહ-ઈસ્હાક-મુહમ્મદ-અબ્બાસ અને અલી નામના દીકરાઓ અને ઉમ્મે ફરવાહ-અસ્માઅ-અને ફાતેમા નામની દીકરીઓ હતી.

(૯) **ઈમામ કાઝિમ(અ.સ.) :** આપના સંતાનોની સંખ્યા ૩૭ કહેવાય છે. જેમાં દીકરાઓમાં મશહૂર નામો ઈમામ રિઝા (અ.સ.) ઈબ્રાહીમ-હમ્ઝા-જાઅફર-સુલેમાન-ઝૈદ-હુસૈન વિગેરેના અને દીકરીઓમાં બે દીકરીઓના નામ ફાતેમા અને બે દીકરીઓના નામ રૂકય્યા અને બીજી દીકરીઓના નામે ઝય્નબ-ઉમ્મે કુલસૂમ અને ખદીજા હતું. આપની એક દીકરીના નામ હકીમા પણ હતું. આ સિવાય પણ અન્ય દીકરા-દીકરીઓ હતા.

(૧૦) **ઈમામ રિઝા (અ.સ.) :** આપના ફક્ત એક જ પુત્ર હતાં જેમનું નામ ઈમામ મુહમ્મદ તકી (અ.સ.) હતું. જેમને 'જવાદ' પણ કહેવામાં આવે છે.

(૧૧) **ઈમામ જવાદ (અ.સ.) :** આપની અવલાદની સંખ્યા ૪ છે. જેમાં ઈમામ હાદી (અ.સ.)-મૂસા મુબરકાઅ-ફાતેમા અને ઈમામાનો સમાવેશ થાય છે.

(૧૨) **ઈમામ હાદી (અ.સ.) :** આપની અવલાદની સંખ્યા પાંચ હતી. ઈમામ હસન અસ્કરી (અ.સ.)-હુસૈન-મુહમ્મદ અને આયેશા-એક પુત્રનું નામ જાઅફર પણ હતું. જેમણે ઈમામ હસન અસ્કરી પછી પોતાની ઈમામતનો ઝૂઠો દાવો કર્યો હતો.

(૧૩) **ઈમામ હસન અસ્કરી (અ.સ.) :** આપના ફક્ત એક ફરઝંદ ઈમામ મહદી (અજ.) છે. જે આજે પણ "પરદએ-ગય્બ" માં જીવિત છે.

(૧૪) **ઈમામ મહદી (અજ.) :** આપના માટે કોઈને એ બાબત અંગે સાચી જાણકારી નથી કે આપે લગ્ન કર્યા હતાં કે આપને સંતાન થયાં છે કે કેમ.

*આપણાં માઅસૂમીન (અ.સ.)ના સંતાનોની સંખ્યા અને તેમના નામો વિશેની જે જાણકારી અમે તમને ઉપર આપી છે તેને ધ્યાનપૂર્વક વાંચીને યાદ કરી લેજો અને પોતાના માતા-પિતા, મિત્રો વિગેરેને સંભળાવજો.*



# ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)

આપણા ચોથા ઈમામ હઝરત અલી ઈબ્નલ હુસૈન (અ.સ.) નો જન્મ ૧૫ મી જમાદીયુલ અવ્વલ સન ૩૮ હિજરીના દિવસે મદીન-એ-મુનવ્વરામાં થયો હતો. આપના વાલિદે ગિરામી હઝરત ઈમામ હુસૈન (અ.સ.) અને વાલિદા ''શહરબાનુ'' હતાં. ''સૈયદુસ્સાજેદીન-ઝૈનુલ આબેદીન-સજ્જાદ'' એ આપના પ્રખ્યાત લકબો (વિશેષણ દર્શક નામો) છે.

આપની ઉમરનો મોટો ભાગ કષ્ટમય રીતે જ પસાર થયો છે. કરબલા પછી આપે કેદી તરીકે પણ જીવન વિતાવ્યું છે અને કેદખાનાના દુઃખો પણ વેઠ્યાં છે, આ બધી તકલીફો હોવા છતાં પણ આપ અત્યંત દ્રઢપણે અને કૃતનિશ્ચયી થઈને ઈમામતની જવાબદારીઓ નિભાવતાં રહ્યાં હતા. યઝીદ મલઊનના અત્યાચારો અને જુલ્મો છતાં પણ લોકોમાં આપની પ્રતિષ્ઠા અને મહાનતા અકબંધ રહ્યાં હતાં.

આ વિશે આપના જીવન કાળનો એક પ્રખ્યાત પ્રસંગ એવો છે કે તે સમયનો ખલીફા હશામ બિન અબ્દુલ મલિક હજ માટે મક્કા ગયો હતો. ખલીફા સાથે તેના દરબારીઓ પણ હતાં. હુશ્શામે 'હજરે અસ્વદ' ને ચુમવાના વારંવાર પ્રયત્ન કર્યા પરંતુ ભીડને કારણે તે 'હજરે અસ્વદ'ને ચૂમી શક્યો જ નહીં. છેવટે થાકી-હારીને 'મસ્જિદુલ હરામ' માં એક ખૂણામાં જરાક ઉંચાઈએ બેસીને તવાફ કરવાવાળાઓને જોવા લાગ્યો. તેના ખુશામદખોરો પણ તેની ચારે કોર વિંટળાએલાં જ હતાં. એટલામાં ઈમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) પણ તવાફ માટે પ્રવેશ્યાં અને આપ 'હજરે અસ્વદ' તરફ જવા લાગ્યાં. જેમ જેમ ઈમામ આગળ વધતાં તેમતેમ ભીડ ફંટાઈ જઈને માર્ગ કરી આપતી હતી. હુશ્શામને બીક લાગી કે ઈમામ(અ.સ.)ની મહાન પ્રતિષ્ઠા જોઈને તેના દરબારીઓ પણ તેમના અનૂયાયીઓ ન થઈ જાય.


E-mail : hadimasik@yahoo.com

તેથી તેને અજાણ હોવાનો ઢોંગ કરીને પૂછ્યું " આ કોણ છે ?" ત્યાં જ, એટલામાં તે યુગનો અત્યંત પ્રખ્યાત કવિ 'ફરઝદક' પણ હતો. તેણે ખલીફાનું આ વાક્ય સાંભળી લીધું. તેથી ઈમામ(અ.સ.)નો પરિચય કરાવવા માટે તેણે તરત જ ઈમામ(અ.સ.)ની શાનમાં એક કસીદો (પ્રશિસ્ત કાવ્ય) કહી સંભળાવ્યો. જે સાંભળીને ઈમામ(અ.સ.)ના તમામ મિત્રો તો રાજી-રાજી થઈ ગયાં અને તેમના શત્રુઓના મોઢાં પડી ગયાં.

કરબલાના પ્રસંગ પછીની સખ્તાઈઓને કારણે લોકોને એકઠા કરીને તેમને દીનની વાતો સમજાવવી-દીન પ્રત્યે આકર્ષિત કરવા શક્ય નહોતું. તેથી ઈમામ(અ.સ.) એ દીનના રક્ષણની એક અનોખી યુક્તિ અજમાવી. આપે દુઆઓના માધ્યમથી દીનનો સંદેશ દુન્યા સમક્ષ રજુ કર્યો.

**શબ્દ વિસ્તાર :**

**(૧) હજરે અસ્વદ :** ખાનએ કાઅબાની દિવાલમાં આ એક પત્થર છે જેને આપણાં નબીએ અકરમ (સ.અ.વ.) અને ઈમામો ચૂમતાં હતાં અને આજે હજ-ઉમરાહ કરવા જતા તમામ હાજીઓ પણ તેને ચૂમે છે.

**(૨) મસ્જિદુલ હરામ:** ખાનએ કાઅબાની ચારે તરફ જે મસ્જિદ છે તેને મસ્જિદુલ હરામ કહેવામાં આવે છે. આ શબ્દ કુરઆને શરીફમાં પણ આવ્યો છે.



# હાય ! આ ગરમીથી તો તોબા !!

ઋતુઓ બદલાતી રહે છે, તેમાં પણ ખુદાની કુદરત સમાએલી છે. શરદ-ગ્રિષ્મ અને વર્ષા ઋતુઓ પોતપોતાની રીતે આવે છે. સખ્ત ઠંડીની મોસમમાં વૃક્ષોના પાંદડા ખરી પડે છે અને વસંત ઋતુમાં તે ફરી નવા કપડાં પહેરીને કળીઓ અને પુષ્પોથી સજીધજીને તૈયાર થઈ જાય છે, પછી આ કળીઓ ખીલીને ફૂલ અને પછી ફળ બને છે. આમ મૃત થઈ ગએલાં વૃક્ષોમાં જીવ આવી જાય છે.

એવું જ કાંઈ મનુષ્યોનું પણ છે. બરફ ઓગળવા લાગે છે. તો શરીરમાં ની એનર્જી કરંટરૂપે ફરવા લાગે છે. ગરમ કપડાં ભાર લાગે છે. જે રજાઈ-ધાબળા અને ગાદલાઓ છોડવાનું મન નહોતું થતું તે જોઈને જ અણગમો થઈ જાય છે.

માણસ ઋતુ સાથે લડે છે અને કેટલાંક અંશે ઋતુને પરાજિત પણ કરી દે છે. પરંતુ ખરૂં તો એ છે કે ઋતુ સાથે મેળ બેસાડી દેવામાં આવે અને પોતાને ઋતુને અનુકૂળ કરી લેવામાં આવે.

શરદ ઋતુમાં આપણે ઠંડીથી ધ્રૂજીએ છીએ. ખેલકૂદની તો ઈચ્છા જ નથી થતી. પરંતુ ગરમીઓની શરૂઆતમાં જ હાથ પગમાં પણ ઉષ્મા વ્યાપી જાય છે. તેથી ગરમીની ઋતુમાં ખુલ્લા મેદાનો અને હરિયાળા બાગ-બગીચાઓમાં હરવા-ફરવાનો આનંદ લૂટો, પરંતુ યાદ રાખો હરવા-ફરવા નીકળતાં પહેલાં અથવા કસરત કરતાં પહેલાં એક-બે ગ્લાસ પાણી જરૂર પી લેવું જોઈએ. તેનાથી હરવા-ફરવા કે કસરત દરમિયાન વધારે પરસેવો થાય તે છતાં પણ થાક નથી વર્તાતો.



E-mail : hadimasik@yahoo.com

ગરમીના કારણે આપણાં શરીરે પરસેવો વધારે પ્રમાણમાં વળે છે. તેનાથી શરીરની પાણીની જરૂરીયાત વધી જાય છે. પરસેવામાં પાણી સાથે અન્ય ક્ષારો પણ નીકળી જાય છે. તેથી અશક્તિ વર્તાય છે.

ગરમીની ઋતુમાં સાફ-ધોએલી બંડી (બનિયાન) અને ઢીલાં-ઢીલાં સુતરાઉ કપડાં પહેરવા જોઈએ. આજકાલ સુતરાઉ કપડાંનો રિવાજ ઓછો છે. પરંતુ ગરમીમાં તો સુતરાઉ કપડાં જ વધારે આરામદાયક હોય છે. કપડાં પણ હલ્કા રંગના અને બને ત્યાં સુધી તો સફેદ જ હોવા જોઈએ. તેથી ગરમી ઓછી લાગે છે. ગરમીની ઋતુમાં ઘણી બાબતોની સાવધાનીની પણ જરૂર છે. નાના બાળકોને ગરમી ત્વરિત રીતે અસર કરે છે. તેથી બાળકોની માતાઓએ તો પોતાના બાળકોની ઘણી કાળજી લેવી જરૂરી છે. બપોરની સખ્ત ગરમીમાં બાળકોને લૂ થી બચાવવા ખૂબ જરૂરી છે. એનો અર્થ એ નથી બાળકોને બંધ ઓરડામાં પૂરી રાખવા. તેમને જ્યાં હવાની પૂરેપૂરી અવર-જવર હોય તેવા ઓરડામાં રાખવા જોઈએ.

બાળકો ! ગરમીમાં તમે પોતે પણ પોતાની તંદુરસ્તીની પૂરતી કાળજી લેવાનું રાખજો. વધારે સમય તડકામાં ન રહેતા. બારીક ઢીલાં-ઢીલાં અને સફેદ વસ્ત્રો પહેરજો. ઓરડા કે ઘરની બહાર નીકળો તો શરૂઆતમાં સીધાં તડકાંથી બચીને રહેજો. અને ધીમે-ધીમે તે ગરમીથી અનુકુળતા કેળવી લો.
પાણી તરસ કરતાં પણ વધારે પીવાનું રાખજો. ખાવામાં શાકભાજી-કાકડી-ગાજર-વિગેરે વધારે ખાતાં રહેજો.



# હસો અને હસાવો

## ટુચકાઓ

બે ગપ્પીદાસો વાતો કરતાં હતાં.

એક બોલ્યો : આજે મેં મારા પિતાની ઘડીયાળ દસ વરસ પછી કૂવામાંથી કાઢી. તે અત્યારે પણ બરાબર ચાલે છે !

બીજો બોલ્યો : આ તો કાંઈ ન કહેવાય ! મેં તો આજે ખુદ મારા પિતાને દસ વરસ પછી કૂવામાંથી કાઢ્યાં અને તેઓ આજે પણ જીવે છે.

પહેલો બોલ્યો : ભાઈ કેમ ગપ્પા હાંકે છે ! તારા પિતા દસ વરસ સુધી કુવામાં શું કરતાં હતાં ?

બીજો બોલ્યો : તે તમારા પિતાની ઘડિયાળના કાંટા ઘુમાવતા હતાં જેથી તે બંધ ન થઈ જાય !



એક માણસ નવો-નવો શહેરમાં આવ્યો હતો અને બીમાર પડી ગયો.

તેણે ત્યાંના એક નિવાસીને પૂછ્યું

"ભાઈ ! અહિયાં નજીકમાં કોઈ મોટા ડોક્ટરનું દવાખાનું છે. ?"

તેણે જવાબ આપ્યો : નજીકમાં તો શું, આખાયે શહેરમાં કોઈ ડોક્ટર જ નથી.

મુસાફરે પૂછ્યું : તો લોકો બીમાર પડે છે ત્યારે શું કરે છે ?

તેણે કહ્યું : કાંઈ નહીં, મૃત્યુની પ્રતિક્ષા...

મુલ્લા નસીરૂદ્દીનની પત્નિ એક વખતે કપડાં ધોતી હતી ત્યાં એક કાગડો સાબુ ઉપાડી ગયો. મુલ્લા જોતો હતો. તેણે તરત જ કહ્યું : લાગે છે કે આ કાગડાના બચ્ચાના કપડાં ખૂબ મેલાં હશે. તેથી જ તો તે આપણો સાબુ લઈ ગયો.





E-mail : hadimasik@yahoo.com

# જમાદીયુલ અવ્વલ માસની
## તારીખવાર ઘટનાઓ

વ્હાલા બાળકો !

આવો હવે અમે તમને આ મહીનાની ખાસ ખાસ ઘટનાઓની જાણકારી આપીએ. ધ્યાનથી વાંચો...

**૫-જમાદીયુલ અવ્વલ** : આજના દિવસે જનાબ ઝૈનબ સલામુલ્લાહે અલયહાની વિલાદતે-બા-સઆદત થઈ હતી. આપ આપણાં નબી (સ.અ.વ.)ની વ્હાલા દોહિત્રી (પુત્રી ની પુત્રી) તેમજ ઈમામ અલી (અ.સ.) અને હઝરત ફાતેમા ઝહરા (સલા.) ના નેક દીકરી હતાં. ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.) આપના મોટા ભાઈઓ હતા. આપની વિલાદત સન ૬ અથવા ૭ હિજરીમાં થઈ હતી.

**૬-જમાદીયુલ અવ્વલ** : સને ૭ હિજરીમાં આજના દિવસે મુસલમાનોની કાફિરો સાથે એક ઘણી મોટી લડાઈ થઈ હતી. આ યુધ્ધમાં મુસ્લિમોની સંખ્યા ત્રણ હજાર હતી જ્યારે કાફિરોની સંખ્યા એક લાખ હતી. આ યુધ્ધમાં મુસલમાનોના પક્ષે ત્રણ મોટા સરદારો શહીદ થયાં હતાં. તેમાં સૌથી પ્રથમ જનાબ જાઅફર તૈયાર હતાં. જે ઈમામ અલી (અ.સ.)ના મોટા ભાઈ હતાં. આ યુધ્ધને "જંગે મૂતા" કહેવામાં આવે છે.

**૧૦-જમાદીયુલ અવ્વલ** : સન ૩૬ હિજરીમાં આજના દિવસે હઝરત અલી (અ.સ.) અને તેમના અનુયાયીઓ સાથે એક યુધ્ધ કરવામાં આવ્યું હતું. કેટલાંક માર્ગ ઉપરથી વિચલિત થઈ ગએલાં (ગુમરાહ થઈ ગએલાં) મુસલમાનો નબી (સ.અ.વ.) ના એક પત્નિ "આયશા" ને સાથે લઈને હઝરત અલી (અ.સ.) સામે લડવા આવ્યાં હતાં. નબીના તે પત્નિ ઉંટ ઉપર સવાર થઈને આવ્યા હતાં. ઉંટને અરબી ભાષામાં "જમલ" કહેવામાં આવે છે. તેથી આ લડાઈ "જમલવાળી લડાઈ" (જંગે જમલ)ના નામે પ્રસિધ્ધ થઈ છે. આ લડાઈમાં ઈમામ અલી (અ.સ.)ની જીત થઈ હતી.

**૧૫-જમાદીયુલ અવ્વલ** : સને ૩૮ હિજરીમાં આજના દિવસે આપણાં ચોથા ઈમામ હઝરત ઝૈનુલ આબેદીન (અ.સ.)ની વિલાદત થઈ હતી.

**૨૭- જમાદીયુલ અવ્વલ** : આજના દિવસે આપણાં વ્હાલા નબી (સ.અ.વ.)ના દાદા જનાબ અબ્દુલ મુત્તલિબની વફાત થઈ હતી. આપની વફાત આપણાં નબી (સ.અ.વ.)ની વિલાદતના આઠ વરસ બે માસ અને દસ દિવસ પછી થઈ હતી અને આપણાં નબીની વિલાદત સને ૧ 'આમુલ ફીલ' માં થઈ હતી.

**૨૯-જમાદીયુલ અવ્વલ** : આજના દિવસે આપણાં બારમા ઈમામ(અ.જ.) ના બીજા ખાસ "નાઈબ" ની વફાત થઈ હતી. તેમનું નામ અબૂ જાઅફર મુહમ્મદ બિન ઉસ્માન બિન સઈદ ઉમરી હતું.

# ઉસૂલે દીન

## તવહીદ

ઝકી : અસ્સલામો અલયકુમ! હાદીભાઈ.

હાદી : અલયકુમુસ્સલામ-વ-રહમતુલ્લાહે-વ-બરકાતોહૂ ! મજામાં છો ને વ્હાલા મિત્ર

ઝકી : હા- ભાઈ ! પાછલી મુલાકાતમાં ઘણી મજા પડી હતી. હવે આજે મને જણાવો કે ‘ઉસૂલેદીન’ માં “તવહીદ” નો અર્થ શો છે ?

હાદી : વહાલા મિત્ર ! આપણાં દીને ઈસ્લામની મૂળભૂત માન્યતાઓમાં સૌ પ્રથમ માન્યતા “તવહીદે પરવરદિગાર”ની જ છે. ‘તવહીદ’નો અર્થ- ખુદાવન્દે આલમને દરેક રીતે ‘એક અને એકમાત્ર’ માનવો તે છે.

ઝકી : હાદીભાઈ ! આપણો ખુદા કઈ કઈ રીતે અને કેવી રીતે ‘એક અને એકમાત્ર’ છે તે મને જરા વિસ્તારથી સમજાવોને !

હાદી : વ્હાલા ભાઈ ! ટૂંકમાં એટલું જાણી લો કે તે ચાર રીતે “એક અને એકમાત્ર” છે.

(૧) તે પોતાની જાતે (સ્વયંના અસ્તિત્વની રીતે) સંપૂર્ણ પણે એકમાત્ર અને અદ્વિતીય છે. એટલે કે જેવી રીતે શરબત-પાણી-ખાંડ-લીંબુના મિશ્રણથી બને છે. તેમ તે કેટલીક વસ્તુઓના મિશ્રણ-સંયોજનથી બન્યો નથી. તેવી જ રીતે જેમ રોટલીના બે-ચાર ટુકડા થઈ શકે તેમ તેના ટુકડા પણ થઈ શકતાં નથી. એટલે તે મિશ્રણ વગરની રીતે એક છે, ટુકડા ન થઈ શકવાને કારણે પણ એકનો એક જ રહેશે.

(૨) બીજુ એ કે ખુદાવન્દે આલમ પોતાના વિશેષણો (સિફાત) ની રીતે એક માત્ર છે અને તેમાં કોઈપણ રીતે ‘બેવડાવવાપણું’ નથી. એટલે કે



E-mail : hadimasik@yahoo.com

તે સ્વયં પોતે અને તેના વિશેષણો જુદા જુદા નથી. જે તે પોતે છે તે જ તેના વિશેષણો છે અને તેના વિશેષણો જ તે પોતે છે.

(૩) ત્રીજું એ કે 'ઈબાદત' કરવાની દૃષ્ટિએ પણ તે એક માત્ર તેને લાયક છે. એટલે કે નમાઝ–રોઝા વિગેરે જે કાંઈ ઈબાદતો આપણે કરીએ છીએ તે ફક્ત અને ફક્ત તેના માટે જ કરી શકીએ છીએ. એટલે ન તો અલ્લાહ સિવાય બીજાની 'ઈબાદત' કરવી યોગ્ય છે, અને કોઈ અન્યને ઈબાદતમાં અલ્લાહની સાથે શામેલ કરવો પણ યોગ્ય નથી. એટલા માટે કે ઈબાદતને લાયક અને ઈબાદતનો હકદાર તો એક અને એકમાત્ર અલ્લાહ જ છે.

(૪) ચોથું એ કે પોતાના કાર્યોમાં પણ તે એક અને એકમાત્ર છે. એટલે તેના કામોમાં તેનો કોઈ શરીક (મદદગાર) નથી. (પોતાના કામ) અંજામ દેવામાં તેને કોઈ મદદગારની જરૂર નથી, અને પોતાના કામો કરવા માટે તે કોઈના ઉપર આશ્રિત (મોહતાજ) પણ નથી. તેણે પોતે જ પોતાના વિશે આ ફેસલો સંભળાવી દીધો કે મારા આ કામોમાં કોઈ મારો શરીક–સાથી કે મદદગાર નથી અને મારા સિવાય બીજો કોઈ આ કામો કરી પણ શકતો નથી. દા.ત. કોઈ વસ્તુ ઉત્પન્ન (પેદા) કરવી તેનું જ કામ છે. તો ફક્ત તે જ કોઈ વસ્તુને ઉત્પન્ન (પેદા) કરી શકે છે. તેની મરજી કે ઈચ્છા વગર બીજો કોઈપણ, કોઈપણ વસ્તુને કદીયે ઉત્પન્ન (પેદા) કરી શકતો જ નથી.

ઝકી : હાદી ભાઈ ! હવે મને ટૂંકમાં એ તો સમજાઈ ગયું કે ખુદાવન્દે આલમ એક અને એકમાત્ર છે. એટલે કે` પોતે સ્વયં–પોતાના વિશેષણો (સિફાત) તેની ઈબાદત અને તેના કામો (કાર્યો) દરેક રીતે તે એક ને એકમાત્ર છે. અને કોઈની રજ માત્ર પણ ભાગીદારી નથી.

હાદી : ખૂબ જ સરસ ! હવે તમે આ બધું ખૂબ યાદ કરી લો અને આ વિશે તમારા મનમાં કોઈ પ્રશ્નો ઉદ્‌ભવે તો મને જણાવજો. આવતી મુલાકાતમાં હું તે ઘણી જ સારી રીતે સમજાવીશ.

# શેહઝાદી ઝયનબ (સલા.)




સન ૫ અથવા ૬ હિજરી હતી. મદીના શહેરનું વાતાવરણ પ્રકાશમય (પુરનુર) અને અહલેબય્ત (અ.સ.)નું ઘર ખુશીઓથી ભરેલું હતું. અલ્લાહના નબી (સ.અ.વ.), મૌલા અલી (અ.સ.) અને 'માઅસૂમએ આલમ ફાતેમા ઝહરા' (સલા.) બધાં જ ખૂબ પ્રસન્ન હતાં. ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની પ્રસન્નતાની તો જાણે કોઈ સીમા જ ન હતી.

જાણો છો ? આ તમામ 'પંજતને પાક' કેમ પ્રસન્ન હતા ?

હા ! ખુશી તો થવી જ જોઈએ ને. કેમકે જમાદીયુલ અવ્વલની પાંચમી તારીખે નબી (સ.અ.વ.)ની દોહિત્રી (નવાસી–દીકરીની દીકરી) નો જન્મ થયો હતો ને !!

તમે જાણો છો ? તે વખતે આપણાં નબી (સ.અ.વ.) પ્રવાસમાં ગએલાં હતાં. તેથી હજી સુધી માં–બાપે પોતાની વહાલી દીકરીનું નામ પણ પાડ્યું નહોતું, એટલા માટે કે તે ઘરમાં જેનો પણ જન્મ થતો, ખુદાના હુકમથી નબી (સ.અ.વ.) જ તેનું નામ રાખતાં હતાં. તેથી બધાંને નબી (સ.અ.વ.)ના પ્રવાસમાંથી પરત આવવાની પ્રતિક્ષા હતી. જ્યારે નબી (સ.અ.વ.) પ્રવાસમાંથી પરત આવ્યાં ત્યારે આપણાં મૌલા અલી (અ.સ.)એ પોતાની વ્હાલસોઈ દીકરીને પાક–પાકીઝા કાપડમાં લપેટીને નબી (સ.અ.વ.) ની સેવામાં પેશ કરી અને કહ્યું "અલ્લાહના વહાલા નબી (સ.અ.વ.) આપ પોતાની વહાલી દોહિત્રી (નવાસી) નું નામ પાડી આપો." નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું "મારી દીકરી ફાતેમા (સલા.) ! " તમે જ આ બાળકીનું નામ રાખી દીધું હોત !" ફાતેમા ઝહરા (સલા.) એ અરજ ગુજારી "બાબાજાન ! એ કેવી રીતે બની શકે કે અલ્લાહના વહાલા નબી (સ.અ.વ.) અને તેમના સાચા વારસદાર અલી (અ.સ.) હોય અને હું નામ પાડું !" નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું "તો અલી (અ.સ.) તમે શા માટે નામ ન પાડ્યું ?" હઝરત અલી (અ.સ.) એ અરજ ગુજારી "આપ હોવ ત્યાં સુધી આ સેવક નામ કેવી રીતે પાડી શકે !"

તેથી નબી (સ.અ.વ.) એ પણ ફરમાવ્યું "જ્યારે તમે કોઈએ નામ નથી પાડ્યું તો અલ્લાહ તરફથી મને આજ્ઞા ન મળે ત્યાં સુધી હું પણ નામ કેવી રીતે પાડી શકું ! આપણે બધાં જ મળીને અલ્લાહની આજ્ઞાની પ્રતિક્ષા કરીએ."

હજી આ વાતચીત થતી જ હતી ત્યાં તો અલ્લાહની વહી (સંદેશો) લઈને જીબ્રઈલ ફરિશ્તા આવ્યાં. અને અલ્લાહની તરફથી સલામ અને બાળકીના જન્મની મુબારકબાદી આપીને કહ્યું કે "પરવરદિગારે ફરમાવ્યું છે કે હે મારા વહાલા હબીબ (મિત્ર) (સ.અ.વ.)! આ બાળકીનું નામ' 'ઝયનબ" રાખવામાં આવે કારણ કે અમે પણ 'લવ્હે મહફૂઝ' માં આ બાળકીનું આજ નામ લખેલ છે.



આ સાંભળીને નબી (સ.અ.વ.)એ તે બાળકીને વહાલ કર્યો અને ત્યાં હાજર રહેલાં બધાં સાંભળે તે રીતે ફરમાવ્યું: "અહિયાં જે હાજર છે તેમને અને અહિયાં જે હાજર નથી તેમને (એટલે હવે પેદા થનાર તમામને) મારી વસીયત છે કે તમે બધાં જ આ બાળકીને માન–મરતબો આપવામાં કમી કરશો નહીં. કારણ કે આ ખદીજા કુબરા (સલા.)ની જેમજ (ઉચ્ચ માન–મરતબા વાળી) છે."

તમે જાણો છો કે ખદીજા કુબરા (સલા.) સ્ત્રીઓમાં સૌથી પ્રથમ આપણાં નબી (સ.અ.વ.) પર ઈમાન લાવ્યા હતા અને આપ જ આપણાં નબી (સ.અ.વ.) ના પ્રથમ પત્નિ આપણાં શેહઝાદી



E-mail : hadimasik@yahoo.com



ઝહરા (સલા.)ની વાલિદા અને જનાબ ઝયનબ (સલા.)ના નાની હતાં.

હવે તો તમને જાણ થઈ ગઈ છે કે જનાબ ઝયનબ (સલા.) ની મહાન મા આપણાં નબી (સ.અ.વ.) ના વહાલા દીકરી ફાતેમા ઝેહરા (સલા.) છે અને તેમના મહાન પિતા ઈમામ અલી (અ.સ.) છે. અને આપ ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની બહેન હતાં.

જ્યારે આપ પુખ્ત વયના થયાં ત્યારે આપણાં મૌલા (અ.સ.) એ તેમના લગ્ન પોતાના ભાઈ જનાબ જાઅફરના સુપુત્ર (એટલે પોતાના સગા ભત્રીજા) જનાબ અબ્દુલ્લાહ સાથે કરાવી દીધાં હતાં.

આપના ચાર પુત્રો–અલી–ઔન–અબ્બાસ અને મુહમ્મદ હતાં અને એક દીકરી હતી કે જેનું નામ 'ઉમ્મે કુલસુમ' હતું.

જનાબ ઝયનબ (સલા.)ની બહેનનું નામ પણ ઉમ્મે કુલસુમ હતું.

શહઝાદી ઝયનબ (સલા.) વિશે આપણાં ચોથા ઈમામ(અ.સ.) એ ફરમાવ્યું છે કે "હે મારા ફોઈ ! આપ એવા સમજદાર છો કે આપ (કાંઈપણ) સમજાવવાના મોહતાજ નથી. (આપને કોઈએ કાંઈ પણ સમજાવવાની જરૂર પડતી નથી) અને એવા વિદ્વાન છો કે આપને કોઈની પાસેથી કોઈ પણ વિદ્યા પ્રાપ્ત કરવાની જરૂર પડતી નથી."

આપણાં શાહઝાદી ઝયનબ (સલા.) મહાનતામાં પોતાના નાની ખદીજાની જેમ હતાં. અને પવિત્રતામાં પોતાની મા ફાતેમા (સલા.) ની જેમ હતાં. વાક્ચાતુર્ય અને આલંકારિક ભાષા (બોલવાની તથા વાતચીત કરવાની શૈલી) માં તે પોતાના પિતા અલી (અ.સ.) ની જેમ હતાં. ધીરજ ધૈર્યમાં પોતાના ભાઈ હસન અને શુરવીરતા અને બહાદુરીમાં પોતાના ભાઈ હુસૈનની જેમ હતાં.

ઈતિહાસકારોએ એમના વિશે નોધ્યું છે કે :

આપ દયા – કૃપામાં અને અગમચેતી (ભવિષ્ય વિશે સંપૂર્ણ વિચાર કરીને સચોટ નિર્ણય લેવામાં) પોતાના કબીલા બની હાશિમમાં જ નહીં પરંતુ પૂરા અરબસ્તાનમાં પ્રખ્યાત હતાં.

આપનામાં પરિપૂર્ણ સૌમ્યતા–નેક ચારિત્ર અને સદગુણોનો ભંડાર હતો. રાત્રીઓ અલ્લાહની ઈબાદતમાં પસાર કરવી અને દીવસે રોજા રાખવા તે આપનો નિત્યક્રમ હતો.

કરબલાનાં પ્રસંગે દરેક પળે અને દરેક જગ્યાએ આપે પોતાના ભાઈ ઈમામ હુસૈન (અ.સ.)ને પૂરો સાથ સહકાર આપ્યો હતો અને પોતાના બે દીકરાઓ ઔન અને મુહમ્મદને પોતાના ભાઈ ઉપર ન્યોછાવર કરી દીધાં હતાં.

ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદત પછી ઈમામ સજ્જાદ (અ.સ.) અને ઈમામ બાકિર (અ.સ.)ને જીવની જેમ સાચવીને અન્ય બંદી સ્ત્રીઓની રક્ષક બનીને તે તમામને મદીના સુધી આપ જ પરત લાવ્યાં હતાં.

કૂફા અને શામ(સીરિયા)ના ચૌકે–ચૌટે અને યઝીદીઓના દરબારોમાં આપે જ હુસૈનિયતની જીતનો ડંકો બજાવી દીધો હતો. જે આજે પણ બાકી છે.



**શબ્દ વિસ્તાર :** "લવહે મેહફૂઝ" – એ સ્લેટ (તખ્તી) જેના ઉપર અલ્લાહ–તબારક–વ–તઆલાએ સૃષ્ટિના પ્રારંભથી અંત સુધીના તમામ પ્રસંગો લખી દીધાં છે.

# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




વજીહા એમ. રઝા રિઝવી, વટવા, અમદાવાદ.



મોહમ્મદ રઝા, અમદાવાદ.



તાબીશ મહદી જલાલી



E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી



## انما المؤمنون اخوه

**બેશક મોમેનીન આપસમે ભાઈ હૈં.**

વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો ઉપર જણાવેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.





E-mail : hadimasik@yahoo.com

# થાપણની કિંમત



હાદી–ઉભા થાવ. ખાવા પીવાનો બંદોબસ્ત કરો. બાળકો ભૂખના માર્યા તડપી રહ્યાં છે.
ક્યાં જાઉં–શુ કરું–દરરોજ જાઉં છું પણ કોઈ કામ મળતું જ નથી ને
સારૂં, આ ખુદાનો હુકમ છે. તો હું કામ શોધવા જઈ રહ્યો છું .
હાદી ઉભા થાવ–અલ્લાહની કૃપાથી નિરાશ થવાની જરૂર નથી. રોજીનો આપનાર તો અલ્લાહ છે. તે પોતાના બંદાઓને ભૂખ્યા નથી રાખતો.
– ના...ના ... આભાર, હું પોતે લઈ જઈશ.
શું હું તમારો સામાન ઘરે પહોંચાડી દઉં ?
શું હું તમારો સામાન તમારે ઘરે પહોંચાડી દઉં ?
ઘણો આભાર ! તમે જોઈ રહ્યાં છો કે હું પોતે જ લઈ જઈ રહી છું.
અલ્લાહ, તારો આભાર ! હે મારા પાલનહાર ! હું કામ શોધી રહ્યો છું. તું જ મારી મદદ ફરમાવ અને મને રોજી આપ !
યા અલ્લાહ ! આ શાની થેલી જમીન પર પડી છે ?
હાદી કામની શોધમાં નીકળી પડે છે.
'અલ્હમ્દો લિલ્લાહ' ! આ તો સોનામહોરો અને ચાંદીના સિક્કાથી ભરેલી છે.
હાદી ખુશ થઈને થેલી લઈને ઘરે જાય છે.



હું તમને ખુબ આનંદિત જોઉં છું. શું કોઈ કામ મળી ગયું ?
ના...ના... કામ તો નથી મળ્યું પરંતુ બીજી એક વસ્તુ મળી ગઈ છે.
અલ્લાહે આપણી મુશ્કેલી દૂર કરી દીધી છે. મને એક થેલી જડી છે જેમાં સોનું અને ચાંદી છે.
શું બજારમાંથી જડી છે ? હાદી એને અડકશો પણ નહીં. આ નીચે પડેલી વસ્તુ છે. આપણે તેને લઈ શકતા નથી. આપણે હરામનું નહી ખાઈએ.
શું નીચે પડેલી વસ્તુ મળે તો તે હરામ છે? એવું છે તો હું બજારમાં પાછો જાઉં છું અને એના માલિકને શોધી કાઢીને તેને પહોંચાડી દઈશ.
કોઈની થેલી ખોવાઈ છે ? કોઈની થેલી ખોવાઈ છે ?
કોઈની કોઈ વસ્તુ ખોવાઈ ગઈ છે ?
હે નેક વ્યક્તિ ! આ મારો માલ છે. આમાં દસ દીનાર છે અને સોનાની પાંચ મોટી-મોટી લગડીઓ છે.
હા! તમે જે વર્ણન કર્યું છે તે સાચુ છે આ થેલી તમારી જ છે તેની મને ખાત્રી થઇ ગઇ છે. લો પોતાની થેલી લઈ લો.
ના હું કદીયે નહીં લઉં ! આ થેલી તો તમારા માટે જ છે. તમે કામ શોધી રહ્યાં હતાં ત્યારે તમને કોઇ કામ મળતુ નહોતું તેથી મેં જાણી જોઇને આ થેલી તમારી પાછળ ફેંકી દીધી હતી. મેં વિચાર્યું હતું કે તમે આ થેલી ઉપાડી લેશો તો તમારી થઈ જશે. અને જો મને શોધીને પરત આપશો તો એક બીજી થેલી પણ આપીશ. તમારી સચ્ચાઇ અને અમાનતદારી માટે.
હે ખુદા ! તારી કૃપા અને દયા માટે હજારો આભાર ! અને તે નેક અને સદાચારી પત્નિ માટે તારો આભાર ! કે જેણે મને ભૂખમરાની પરિસ્થિતિમાં પણ હરામનું ખાવાથી અટકાવ્યો અને જેનો તેં આ બદલો આપ્યો ! અલ્લાહ તારો શુક્ર !
હાદી ખુશી ખુશી ઘણો બધો સામાન લઈ ઘરે જાય છે.

# થાપણની કિંમત






E-mail : hadimasik@yahoo.com

પરંતુ હસી મજાકની સાથે એ બાબતનો ખ્યાલ રાખવો જરૂરી છે કે તેમાં કોઈની ચાડી ચુગલી-કોઈના ઉપર આરોપ અને કોઈના હ્રદયને ઠેસ પહોંચે તેવી વાત ન હોવી જોઈએ અને તેમાં ઈસ્લામની આજ્ઞાઓની વિરૂદ્ધની કોઈ વાત ન હોવી જોઈએ.

આપણાં માઅસૂમીન એવી હસી મજાક નહોતાં કરતાં જેનાથી કોઈની લાગણી દુભાય અથવા ઈસ્લામથી વિરૂદ્ધની હોય.

અસત્ય આરોપ મૂકવા-ચાડી ચુગલી - કોઈની લાગણી દુભવવી વિગેરે ઈસ્લામની આજ્ઞાઓથી વિરૂદ્ધની રીતોથી કરવામાં આવતી હસી મજાકની માઅસૂમીન (અ.સ.) નિંદા કરતાં હતાં અને તેનાથી થતાં નુકસાનની પણ જાણકારી આપતાં હતાં.

આવી હસી મજાક-ખરાબ હસી મજાક વિશે આપણાં નબી (સ.અ.વ.)એ આપણાં પહેલાં ઈમામને ફરમાવ્યું છે : હે અલી (અ.સ.) ! કદીયે ભૂંડી અને ફાલતુ હસી મજાક કોઈની સાથે કરશો નહીં કેમ કે તેવી હસી મજાક કરવાથી પ્રતિષ્ઠા ખતમ થઈ જશે. કદીયે અસત્યનો આશરો ન લેતાં, તેનાથી તમારા ઈમાનનું નૂર નષ્ટ થઈ જશે. ”

આ ઉપરાંત પણ ઈમામો (અ.સ.)એ ફરમાવ્યું છે કે “આવા હસી મજાકથી ઈમાન પૂર્ણ થતું નથી. (ઈમાન અધૂરું રહી જાય છે.)” “તેનાથી દુશ્મનાવટ અને ધિક્કારની લાગણી જન્મે છે.” “તેનાથી મનુષ્યની પ્રતિષ્ઠા ખતમ થઈ જાય છે.” “એનાથી ચહેરાનું નૂર ઉડી જાય છે.”

આ હદીસોથી એ બાબત જણાઈ આવે છે કે આપણે હસી મજાક તો જરૂર કરવી જોઈએ. પોતે પણ ખુશખુશાલ રહેવું જોઈએ અને બીજાઓને પણ પ્રસન્ન રાખવા જોઈએ, પરંતુ તેમાં મર્યાદાનું ઉલ્લંઘન અને અતિરેક ન થાય તેનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. ફાલતુ અને અરૂચીકર હસી મજાક કરવી જોઈએ નહીં. સજ્જનતા અને ઈસ્લામી મર્યાદામાં રહીને હસી મજાક કરવી ઈબાદત પણ છે અને જન્નતમાં જવાનો માર્ગ પણ છે.



# અમારા પ્રશ્નો – તમારા જવાબો

**પ્રશ્ન-૧ : જમાદીયુલ અવ્વલના માસમાં નબી (સ.અ.વ.)ની કઈ દોહિત્રી (નવાસી-દીકરીની દીકરી)નો જન્મ (વિલાદત) થયો હતો ?**

(અ) ઉમ્મે કુલસૂમ(સલા.) (બ) રૂકય્યા (સલા.)
(ક) ઝયનબ (સલા.) (ડ) ફાતેમા (સલા.)

**પ્રશ્ન-૨ : આપણાં ચોથા ઈમામની વિલાદત કઈ તારીખે થઈ હતી ?**

(અ) ૧૫ જમાદીયુલ અવ્વલ (બ) ૨૦ જમાદીયુલ અવ્વલ
(ક) ૧ જમાદીયુલ અવ્વલ (ડ) ૩૦ જમાદીયુલ અવ્વલ

**પ્રશ્ન-૩ : આપણાં નબી (સ.અ.વ.)ના દાદાનું નામ શું હતું ?**

(અ) અબ્દુલ મુત્તલિબ (અ.સ.) (બ) ઈબ્રાહીમ(અ.સ.)
(ક) મૂસા (અ.સ.) (ડ) અબૂતાલિબ (અ.સ.)

**પ્રશ્ન-૪ : 'જંગે જમલ' કઈ હિજરી સન માં થઈ હતી ?**

(અ) ૪૦ હિજરી (બ) ૩૭ હિજરી (ક) ૩૦ હિજરી (ડ) ૩૬ હિજરી

**પ્રશ્ન-૫ : 'ઉસૂલે દીન' માં પ્રથમ કઈ બાબત આવે છે ?**

(અ) નુબૂવત (બ) તવહીદ (ક) અદબ (ડ) કયામત

**પ્રશ્ન-૬ : શયતાનને કઈ બાબતથી તાવ આવી જાય છે ?**

(અ) નમાઝે જમાઅત (બ) કુરઆનની તિલાવત
(ક) ઝકાત (ડ) સદકો

**પ્રશ્ન-૭ : હઝરત ફાતેમા ઝહરા (સલા.)ને કેટલી દિકરીઓ હતી ?**

(અ) ત્રણ (બ) ચાર (ક) દસ (ડ) બે

**પ્રશ્ન-૮ : જનાબ આદમ(અ.સ.)ના દીકરા 'હાબીલ'ના ભાઈનું નામ જણાવો?**

(અ) કાબીલ (બ) કિનઆન (ક) યુસૂફ (અ.સ.)
(ડ) મૂસા (અ.સ.)

**પ્રશ્ન-૯ : આપણા વહાલા નબી (સ.અ.વ.)ના પ્રથમ પત્નિનું નામ શું હતું?**

(અ) સલમા (બ) ખદીજા (ક) મારિયા (ડ) ઝયનબ

**પ્રશ્ન-૧૦: દીનના મૂળને શું કહેવામાં આવે છે ?**

(અ) ફુરૂએ દીન (બ) ઊસૂલે દીન (ક) અહકામ (ડ) કાનૂન


E-mail : hadimasik@yahoo.com

# સાચા જવાબો

## વહાલા બાળકો !

**ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.**

(૧) ઈમામ હસન અસ્કરી (અ.સ.)ની વિલાદત કઈ તારીખે થઈ હતી ?
(ડ) ૧૦-રબીઉસ્સાની

(૨) ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની ઔલાદ કેટલી હતી ?
(ડ) ૧

(૩) ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની વિલાદત ક્યાં થઈ હતી ?
(અ) મદીના

(૪) નરજીસ ખાતુન કયા ઈમામની પત્ની હતા ?
(બ) ઈ.અસ્કરી (અ.સ.)

(૫) નરજીસ ખાતુન કયા બાદશાહની પુત્રી હતા ?
(અ) ખુસરુ પરવેઝ

(૬) ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની માતાનું નામ શું હતું ?
(ક) હુદૈસ

(૭) જનાબ મુખ્તાર કઈ તારીખે રોકાયા ?
(અ) ૧૪ રબીઉસ્સાની

(૮) જનાબ મુખ્તાર કયા કબીલાના હતા ?
(અ) બની સકીફ

(૯) જનાબ મુખ્તારની હુકુમત ક્યાં હતી ?
(ક) કૂફા

(૧૦) જનાબ મુખ્તારને કયા ઈમામના ઝમાનામાં શહીદ કરવામાં આવ્યા ?
(ક) ઈમામ ઝયનુલ આબેદીન (અ.સ.)


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


